રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૦૧ કેસ : ૨૩નાં મોત

રાજ્યમાં ૧૧૩૫ દર્દીઓ સાજા થયા : મૃત્યુઆંક ૨૬૨૯ પર પહોંચ્યો : કોરોનાથી સ્વસ્થ થયેલા ૫૨૮૨૭ ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૮ રાજ્યમાં કોરોના વાયરસનાના કેસમાં વધારો યથાવત્ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોના વાયરસના ૧૧૦૧ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૧૧૩૫ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૨૩ દર્દીના મોત થયા છે. ૨૪ કલાકમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૨૨૬ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૬૯,૯૮૬ છે. જેમાંથી એક્ટિવ કેસ ૧૪,૫૩૦ છે. આરોગ્ય વિભાગે આપેલી વિગતો પ્રમાણે રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં સુરતમાં ૨૨૬, અમદાવાદમાં ૧૫૮, વડોદરામાં ૧૧૩, રાજકોટમાં ૯૩, જામનગરમાં ૫૪, ભાવનગર ૪૭, અમરેલી ૩૩, જૂનાગઢ ૩૨, પંચમહાલ ૩૧, મહેસાણા, ગાંધીનગરમાં ૩૦-૩૦, દાહોદમાં ૨૭, ગીર સોમનાથમાં ૨૬, કચ્છમાં ૨૨, સુરેન્દ્રનગરમાં ૨૧, મોરબીમાં ૨૦, પાટણમાં ૧૯, વલસાડમાં ૧૭, ભરૂચ, નર્મદામાં ૧૧-૧૧, ખેડામાં ૧૦, આણંદ, બોટાદ, મહીસાગરમાં ૯-૯, છોટા ઉદેપુર, સાબરકાંઠામાં ૮-૮, નવસારીમાં ૭, બનાસકાંઠા, પોરબંદરમાં ૫-૫, દેવભુમિ દ્વારકામાં ૪, અરવલ્લીમાં ૩, તાપીમાં ૨ અને ડાંગમાં ૧ સહિત કુલ ૧૧૦૧ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૩ દર્દીઓના મોત થયા છે. જેમાં સુરતમાં ૧૦, અમદાવાદમાં ૫, જૂનાગઢ, કચ્છ, વડોદરામાં ૨-૨ અને અમરેલી, ગાંધીનગરમાં ૧-૧ દર્દીઓના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૨૬૨૯ થયો છે. બીજી તરફ સુરતમાં ૫૪૯, અમદાવાદમાં ૧૨૧, વડોદરામાં ૬૭ સહિત કુલ ૧૧૩૫ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૪,૫૩૦ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૮૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૪,૪૪૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યાર સુધીમાં ૫૨,૮૨૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના નબળો પડ્યો કે તંત્ર દ્વારા કોઈ આંકડાકીય રમત..!

સપ્તાહમાં સરકારે ૧૫ કેસ હોવાનું જાહેર કર્યા : જિલ્લા તંત્ર ૮ કેસનું રટણ

મોડાસા, તા. ૮

મોડાસા શહેર સહિત જિલ્લાભરમાં છેલ્લા ઘણાં દિવસોથી કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કોરોના વાયરસના પોઝીટીવ કેસોનો સચોટ આંકડો છુપાવી તેમજ કોરોનાથી થતા મોતના સચોટ આંકડા અંગે ઢાંકપીછોડો કરી જાહેર આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે જાગૃતોમાં અનેક પ્રકારની અટકળો વહેતી થઈ છે. શુક્રવારે રાજ્ય સરકારે ૪ કોરોના પોઝેટીવ દર્દીઓ અરવલ્લી જીલ્લામાં નોંધાયા હોવાની જાહેરાત કરવા છતાં જીલ્લા આરોગ્યતંત્રએ ૧ કેસ હોવાનું મોડી સાંજ સુધી રટણ ચાલુ રાખતા તંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાના દર્દીઓ સરકારી ચોપડે ઘટતાં લોકો કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા હોય તેમ બિન્દાસ્ત બની જતા બજારો ઉભરાઈ રહ્યા છે. માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ તો જાણે ગાયબ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં તંત્રની આંકડાકીય રમતમાં નબળો પડેલો કોરોના વાયરસનો વિસ્ફોટ થાય તો નવાઈ નહિ.!!!

અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી સરકારી ચોપડે ૩૩૭ જેટલા કોરોનાના કેસ નોંધાયા છે ત્યારે આનાથી ત્રણ ગણા કોરોના પોઝેટીવ દર્દીઓએ અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા સારવાર લઈ કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફર્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ભિલોડાના ત્રિભોવન નગરમાં રહેતા વૃદ્ધાને અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ભરખી જતા જીલ્લામાં કોરોનાથી ૪૧ દર્દીઓના મોત નીપજી ચુક્યા છે, જો કે જિલ્લામાં છેલ્લા એક માસ દરમ્યાન કોરોના વાયરસના કારણે કેટલાક વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યાં હોવાની વાતો વહેતી થઈ છે ત્યારે છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન કોરોનાના કારણે કોઈ મૃત્યુ થયું હોય તેવું અરવલ્લી આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયું હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્ર દ્વારા જાહેર થતી માહિતીમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાને લઈને મૃત્યુ થયેલ દર્દીની જાહેરાત કરવામાં આવતી નથી અને જીલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કેટલા દર્દીઓના મોત નિપજ્યા તે પણ બંધ કરી દેવામાં આવતાં આરોગ્યતંત્રની આંકડાકીય રમત સમજવામાં ભલભલા થાપ ખાઈ રહ્યા છે.

જુનાડીસા ખાતે શ્રાવણીયો જુગાર રમતા સાત ઝડપાયા

ડીસા, તા. ૮

કોરોના મહામારી વચ્ચે શ્રાવણીયો જુગાર ખેલાતો હોવાની માહિતી આધારે ડીસા તાલુકા પોલીસે જુનાડીસા ગામે આવેલ રામાપીરના મંદિર નજીક ખુલ્લી જગ્યામાં છાપો મારતા સાત જુગારીયા રંગે હાથ ઝડપાઈ જવા પામ્યા હતા. પોલીસની તપાસ દરમિયાન તેમની પાસેથી રોકડ, મોબાઈલ અને વાહન મળી કુલ ૨,૯૮,૭૭૦ રૂ.નો મુદામાલ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલ જુગારીયા : અલતાફખાન મુરાદખાન ખોખર, સલમાનખાન અબ્દુલખાન ઘાસુરા, વિષ્ણુભાઈ રમેશભાઈ મોદી, ચંદ્રકાન્ત પરષોત્તમભાઈ પરમાર, નવીન હીરાલાલ પરમાર, રમેશ કાંતિભાઈ દેવીપૂજક, ભોપાભાઈ ઉર્ફે નવીનભાઈ મફાભાઈ રાવળ, (તમામ રહે. જુનાડીસા)

ડીસા પોલીસે ત્રણ બોટલ દારૂ સાથે યુવકને ઝડપ્યો

ડીસા શહેર ઉત્તર પોલીસ ગુરૂવારે સાંજે પેટ્રોલીંગમાં હતી. જે દરમ્યાન ગાયત્રી મંદિરથી જુના બસ સ્ટેશન તરફ આવી રહેલ યુવકની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસે યુવકને રોકાવી પૂછપરછ કરતાં તેનું નામ વિપુલ ઉર્ફે ભગત જયેશભાઈ મોદી (રહે, જોગકૃપા સોસાયટી, વેલુનગર, ડીસા) હોવાનું જણાવ્યું હતું. તેની અંગ ઝડતી કરતાં વિદેશી દારૂની ત્રણ બોટલ મળી આવી હતી. આથી ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના પો.કો. વનરાજજીએ ફરીયાદ નોધાવતા પોલીસે યુવક સામે ગુનો નોધી વધુ તપાસ એ.એસ.આઈ. નારણભાઈ બેગડીયા ચલાવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના બાયડમાં ટ્રાફિક પોલીસ દ્વારા ખુલ્લેઆમ ચાલતી હપ્તા વસુલી

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં બાયડ શહેરની બહાર હાઈવે પર ટ્રાફિક જમાદાર અને અન્ય સ્ટાફ ટ્રાફીકના નિયમોનું પાલન કરાવવાના બહાને ફરજ પર ઉભા રહે છે અને ત્યાં ઉભા રહી કોમર્શિયલ વાહનોને ઉભા રાખી ગેર કાયદેસર રીતે કોઈપણ જાતની રસીદ બનાવ્યા વગર એન્ટ્રીના નામે રૂપિયા ઉઘરાવે છે અને વાહન ચાલકોને ખોટી રીતે પરેશાન કરે છે. તેવો એક વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

વાહનચાલકોના જણાવ્યા મુજબ કોઈ પણ જાતના ડર વગર ટ્રાફિક કર્મચારિઓ દ્વારા હપ્તા વસુલી ઉપરી અધિકારીઓની સંડોવણી વગર શક્ય નથી. તો આવા હપ્તાખોર પોલીસ કર્મચારીઓ અને હપ્તાખોરીમાં સામેલ પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ સખત કાર્યવાહી થાય અને ફરજ પરથી બરતરફ કરવામાં આવે તોજ હપ્તાખોર કર્મચારીઓની શાન ઠેકાણે આવશે. અને આ હપ્તાખોરી ફક્ત બાયડમાં જ કરવામાં આવે છે એવુ નથી, મોટાભાગની હાઈવે જિલ્લા ટ્રાફિક દ્વારા એન્ટ્રીના નામે કોમર્શિયલ વાહનચાલકો પાસેથી હપ્તા ઉઘરાવવામાં આવે છે.

એક તરફ અસહ્ય ડિઝલનો ભાવ વધારો, ધંધામાં મંદી એમાં પાછા આવા હપ્તાખોર ભ્રષ્ટ અધિકારીઓના હપ્તાથી વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. માટે ભ્રષ્ટાચાર દૂર કરવાની બૂમો પાડવાવાળી સરકાર પહેલા આવા ભ્રષ્ટ કર્મચારિઓને દૂર કરે તે જરૂરી છે. આ રીતે મોડાસા નગરમા જીપમાં કેટલાક ભ્રષ્ટાચારી કોન્સ્ટેબલો હાઈવે રોડ ઉપર જતા આવતા વાહનો અને ટુ વ્હીલર ચાલકો પાસેથી બિન્દાસ્ત રોકડી કરતા હોય છે. નવા આવેલા એસ.પી. આ બાબતે કડકાઈ રાખે તેવી પ્રજાની માંગ છે.

દેરોલ પાસે કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત થતા એકનુ મોત

હિંમતનગર, તા. ૮

હિંમતનગર-વિજાપુર રોડ પર દેરોલ નજીક ત્રણ દિવસ અગાઉ ટ્રેલર અને ઈકોકાર વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ જણાને ઈજા પહોચી હતી જે પૈકી એક મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. ૫ ઓગષ્ટના રોજ સાંજે ચાર વાગ્યાના સુમારે દેરોલ પાસેથી પસાર થઈ રહેલ ટ્રક ટ્રેલર નં. આરજે-૫૨-જીએ-૩૨૪૫ના ચાલકે ટ્રેલસરને બેફીકરાઈ તથા ગફલતભરી રીતે હંકારી અહીંથી પસાર થઈ રહેલ ઈકોકાર નં. જીજ-.૦૯-બીડી-૧૧૯૪ને ટક્કર મારી હતી. જેથી ઈકોકારના ચાલક મહેન્દ્રસિંહ ઉદેસિંહ આંબળા, ગીરીશજી સોમાજી ચૌહાણ અને કપીલાબેન ગીરીશજી ચૌહાણ (ત્રણેય રહે. લોલાસણ)ને શરીરે તથા માથામાં ઈજા પહોંચી હતી.

ભિલોડા પોલીસ દ્વારા વિદેશી દારૂ ભરેલી બિનવારસી કાર ઝડપાઈ

ભિલોડા,તા.૮

ભિલોડાના જુના ભવનાથ રોડ પર ત્રણ રસ્તા પાસે બિન વારસી કારમાંથી પોલીસ ધ્વારા વિદેશી દારૂ ઝડપાયો હતો. રૂા.૩૧,૦૪૪/- નો વિદેશી દારૂ અને કારની કિં. રૂા.૭૦,૦૦૦/- કુલ મુદ્દામાલની રૂા.૧,૦૧,૦૪૪ ઝડપાયો હતો. પોલીસએ પ્રોહિબીશન ઍક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને પેટ્રોલીંગ દરમ્યાન વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધવામાં સફળતા મળેલ છે.

પો. સ. ઈ. કે. કે. રાજપુત સહિત પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જુના ભવનાથ રોડ ઉપર સફેદ કલરની કાર નંબર જી.જે. ૦૧. એચ.એમ. ૧૭૭૧ વાળી કારના દરવાજા ખોલી પોલીસએ તપાસ હાથ ધરતા વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની પેટીઓ નંગ-૮, છુટી બોટલો નંગ-૧૨ કુલ બોટલ નંગ-૨૦૪ જેની કિં. રૂા.૩૧,૦૪૪/- નો વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ ઝડપાયો હતો. કારની કિં. રૂા.૭૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિં. રૂા.૧,૦૧,૦૪૪/-નો મુદ્દામાલ ઝડપાયો હતો.

નાગ પાંચમે યજ્ઞ : ડીસા શહેરના રેલવે સ્ટેશન ઢૂવા રોડ પર આવેલ શાંતા ફાર્મહાઉસ ખાતે ગોગા મહારાજના મંદિરે નાગપાંચમ નિમિતે રમેશભાઈ બાબુલાલ લોધા આશિયા પરિવાર દ્વારા યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં આશિયા પરીવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હવન તેમજ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યુવા વર્ગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. યુવા અને સાંસ્કૃતિક વિભાગમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૨ માં રહેતા ૨૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેને મંજૂરી પણ આપી છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. છુટક મજૂરી કામ કરી રોજગારી મેળવતો અને ગોકુલપુરામાં રહેતા એક ૩૯ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ શ્રમિકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ઉદ્યોગભવનના પ્રશાસન વિભાગમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૨૮ માં રહેતા એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ યુવાનના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૪ ના છાપરામાં રહેતી એક ૨૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૬ માં રહેતો અને અભ્યાસ કરી રહેલા એક ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. યુવાનના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ઝેરોક્ષની દુકાન ધરાવતો અને સે. ૨૪ માં રહેતા એક ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. અમદાવાદ સ્થિત એક ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતો અને સે. ૨૭ માં રહેતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૫ માં રહેતી એક ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલાના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૪૧૫ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૧૨૫ થી વધુ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં હોમ આઈસોલેશનના દર્દીઓનો પણ સમાવેશ થાય છે. તંત્રએ શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કર્યો છે. શહેરમાં એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું પણ જાણવા મળેલ છે.

વધુ ૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામેથી એક ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકો કોરોના માટે હવે ઝડપથી સંવેદનશીલ બનીને ઉભરી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે માણસા તાલુકાના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થતાં તાલુકામાં શોકની લાગણી પણ પ્રસરેલી જોવા મળતી હતી. મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના બાપુપુરા ગામેથી એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રિદ્રોલમાંથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભીમપુરા ગામેથી પણ એક ૪૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આનંદપુરા વેડા ગામેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે એક ૨૨ વર્ષીય યુવક અને ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત માણસા અર્બનમાંથી પણ એક ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ત્રણ કેસ મળી આવ્યા છે. આ કેસો પીયજ, હિંમતપુરા અને છત્રાલમાંથી મળી આવ્યા છે. પીયજમાંથી ૨૫ વર્ષીય યુવાન, હિંમતપુરામાંથી ૩૦ વર્ષીય યુવાન તેમજ છત્રાલમાંથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોજીટીવ આવ્યો છે. તંત્રનો દાવો છે કે જિલ્લામાં રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો થઈરહ્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. આજે ૩૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૫૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જિલ્લામાં હાલ ૧૯૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૭ હજાર જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન છે.

ઈયળોનો ઉપદ્રવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂત આગેવાનોના જણાવ્યા પ્રમાણે શરૂઆતમાં આ નાની ઈયળો સમૂહમાં રહી પાનની નીચેની સપાટી પરથી લીલો ભાગ ખાય છે ઈયળો મોટી થતાં છુટી છવાઈ થઈને છોડના કુમળા પાન ડુંખો, થડ વગેરે કોરી ખાતી હોય છે. મોટી ઈયળો ખાઉધરી ઈયળ તરીકે પણ ઓળખાય છે. જે પાનની મુખ્ય નસો સિવાયનો બધો જ ભાગ ખાઈ જાય છે. આ જીવાત રાત્રિના સમયે પાકને વધુ નુકશાન કરતી હોય છે તેમ પણ આ આગેવાનોએ આ ઈયળની રસપ્રદ વાતો કરતાં જણાવ્યુ હતુ.

મોરચે સજ્જ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લિડર્લહટોનોમસ વેપન સિસ્ટમ બનાવી છે. ભારતીય સૈન્યના નવા લેન્ડ વોરફેર સિધ્ધાંત (૨૦૧૮) માં, સમગ્ર યુદ્ધ વ્યૂહરચનાને વધુ શારીરિક બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં ઈન્ટિગ્રેટેડ બેટલ ગપ્સ (આઈબીજી) થી લઈને સાયબર લડાઈની ક્ષમતાઓ વિકસાવવાની અને માઈક્રો સેટેલાઈટ્સ, લેસર, એઆઈ, રોબોટિક્સ જેવા ડાયરેક્ટ-એનર્જી શસ્ત્રો પ્રાપ્ત કરવાની જરૂરિયાત પણ જણાવી છે. આઈબીજીએ પણ આકાર લેવાનું શરૂ કરી દીધું છે. આ સ્વ લડતી લડત રચનાઓની હાજરીમાં હશે જે ઝડપથી એકઠા થઈ શકે છે. દરેક આઈબીજીમાં પાયદળ, ટાંકી, તોપખાના, હવાઈ સંરક્ષણ, સિગ્નલ અને એન્જિનિયર્સ સહિત પાંચ હજાર સૈનિકો હશે. ગયા વર્ષે આઈબીજી પશ્ચિમ અને પૂર્વીય મોરચા પરની કવાયતમાં સામેલ થયા છે. એક સૂત્રએ કહ્યું કે, 'ભાવિ યુદ્ધોમાં ટેકનોલોજી એ એક મહત્વપૂર્ણ પાસા હશે. નવા અભ્યાસનું નેતૃત્વ સેનાના સાત કમાન્ડરમાંથી એક કરે છે.

સ્કૂલો શરૂ કરવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા મહિને શિક્ષણ ખાતાંએ શાળાઓ શરૂ કરવી કે કેમ તે અંગે એક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. આ સર્વેક્ષણમાં જણાયું હતું કે વાલીઓ હજુ પણ બાળકોને શાળાએ મોકલવાની તરફેણમાં નથી. પરંતુ, બીજી તરફ રાજ્ય સરકારોએ એવી દલીલ કરી હતી કે ઓનલાઈન શિક્ષણથી સમાજનો એક બહુ મોટો વર્ગ વંચિત રહી જાય છે. ગરીબ અને નબળા વર્ગના બાળકો સુધી ઓનલાઈન શિક્ષણ પહોંચતું નથી. તેમના હિતમાં શાળાઓ ફરી શરૂ થાય તે જરૂરી છે. જે રાજ્યોમાં કોરોના કેસોનું ભારણ ઓછું છે તેમણે વહેલી તકે શાળાઓ શરૂ કરવાની તૈયારી દર્શાવી છે. તબક્કાવાર સ્કૂલોની શરૂઆત થઈ શકે છેઃ ગાઈડલાઈન પ્રમાણે પહેલા તબક્કામાં ધો. ૧૦થી ૧૨ના વર્ગો શરૂ કરાશે. બીજા તબક્કામાં ધો. ૬ થી ૯ના વર્ગો શરૂ કરાશે. જોકે, વર્ગો મર્યાદિત સમય માટે જ રહેશે. એક જ વર્ગના બાળકોને અલગ અલગ દિવસે બોલાવવાનો વિકલ્પ પણ વિચારાશે.

૧૪ ધારાસભ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ દિલ્હીમાં પૂર્વ સીએમ વસુંધરા રાજેએ ભાજપના પ્રમુખ જે પી નડ્ડા સાથે મુલાકાત કરી છે.એ પછી ધારાસભ્યોને ગુજરાત મોકલવામાં આવ્યા હોવાથી અટકળો તેજ બની છે.કારણકે આ પૈકીના મોટાભાગના ધારાસભ્યો વસુંધરા રાજે જૂથના મનાય છે.વસુંધરા રાજેએ નડ્ડા સમક્ષ પાર્ટીની કાર્યપધ્ધતિને લઈને નારાજગી વ્યક્ત કરી છે.

કેપ્ટન મનપ્રીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકારે તેમને આ અંગે એસએઆઈના અધિકારીઓને જણાવ્યું છે અને કેટલાક પરીક્ષણોના પરિણામોની રાહ જોવાની બાકી છે. કેમ્પ માટે જાણ કરનાર મનપ્રીત સહિતના તમામ ખેલાડીઓ આરોગ્ય મંત્રાલયની ગાઈડલાઈન્સ પ્રમાણે ક્વોરોન્ટાઈનમાં રહે છે અને વાયરસના ચેપની સંભાવનાને રોકવા માટે સાવચેતી પગલા તરીકે તેને બાજુમાં રાખવામાં આવ્યો છે. મનપ્રીતે સાંઈ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહ્યું, "હું સાંઈ કેમ્પસ પર એકલા એકાંતમાં છું અને સાંઈના અધિકારીઓએ પરિસ્થિતિને જે રીતે સંભાળી હતી તેનાથી હું ખુશ છું." મને ખુશી છે કે તેઓએ તમામ ખેલાડીઓના પરીક્ષણને ફરજિયાત બનાવ્યું છે. આ પગલું યોગ્ય સમયે વાયરસ ચેપ શોધી કાઢશે. હું ઠીક છું અને જલ્દી સ્વસ્થ થવાની આશા રાખું છું.

પર્યુષણ-પ્રવચન પરના પ્રતિબંધથી થશે વધુ અબજો રૂપિયાનું નુકશાન

પર્યુષણ મહાપર્વમાં બહુજ મહત્વની સાધના જે કરાતી હોય છે, તે છે જિનવાણી શ્રવણ ગુરૂ ભગવંત પાટ પર બેસીને અષ્ટાહિનકા પોથી અને કલ્પસૂત્ર પોથીનું વાંચન કરે અને સૌ સાંભળે. આ એક જ સાધના બીજી ઘણી બધી સાધનામાં લોકોને સહજ રીતે જોડે છે. પ્રવચનશ્રવણથી લોકો તપસ્યામાં જોડાય છે, એક-બે ઉપવાસથી માંડીને આઠ-નવ-અગિયાર-સોળ-એકવીશ કે ત્રીસ જેટલા નકોરડા ઉપવાસો જૈનો કરે છે. જેમાં આઠ કે તેથી વધુ ઉપવાસોના પારણે ઘરનો શણગાર, આમંત્રણ પત્રિકા, ખાસ વસ્ત્રો, ખાસ મહેમાનગતિ વગેરેમાં પાંચ હજારથી માંડીને દોઢ-બે લાખ સુધીનો ખર્ચો કરે છે, જે પારણું કરાવવા આવે તેમને વિશિષ્ટ ગિફ્ટની લ્હાણી થતી હોય છે. આવી દર વર્ષે હજારો મોટી તપસ્યાઓ થાય છે. જેનાથી કરોડો રૂપિયા માર્કેટમાં ફરતા થાય છે. ખાસ કરીને નાના નાના વેપારીઓ અને શ્રમિકોને સારો લાભ થતો હોય છે.

પ્રવચન શ્રવણથી વાર્ષિક કર્તવ્યરૂપે દેરાસરોમાં મહાપૂજાઓ થતી હોય છે. એક દેરાસરમાં મહાપૂજા થાય એટલે ૫૦ હજારથી માંડીને ૨ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. જેમાં મોટા ભાગના રૂપીયા માળીઓના ખિસ્સામાં, શણગાર સામગ્રીવાળા નાના નાના વેપારીઓના ખિસ્સામાં અને ભાડાના સામાન આપવાવાળાના ખિસ્સામાં જતા હોય છે. બચ્ચા તે જે માણસો ડેકોરેશન કરવા આવે તે શ્રમિકોના ખિસ્સામાં જતા હોય છે. આમ મહાપૂજાથી પણ કરોડો રૂપિયાના રોજગારો ઉપલબ્ધ થતા હોય છે. પ્રવચન શ્રવણથી જૈનો અનુકંપાદાન એટલે કે કરૂણાદાનમાં જોડાતા હોય છે. જેમાં સ્લમ એરિયા - ઝુંપડપટ્ટી - મધ્યમવર્ગીય અને તેમનાથી પણ નીચલા વર્ગના ઘરોમાં મિઠાઈ વિતરણ, વસ્ત્ર વિતરણ, સ્ટેશનરી વિતરણ, અનાજ-કીટ વિતરણ વગેરે થતુ હોય છે. જો કે આમાં વળતરૂપે કશુ જ લેવાનું હોતુ નથી સિવાય દુવાઓ પણ આનાથી બે આર્થિક ફાયદા છે - ગરીબોને કરોડો રૂપિયાની સહાય મળી જાય છે અને તે વસ્તુની ખરીદીના કારણે માર્કેટમાં પણ કરોડો રૂપિયા આવે છે.

પર્યુષણ એ મિચ્છામી દુક્કડમ દ્વારા દિલ સાફ રાખવાનું પર્વ બને છે માટે જ જૈનો કોઈ પણ કોમી હુલ્લડો, રાજકીય તોફાનો, દેશ વિરૂદ્ધ કે સરકાર વિરૂદ્ધ કાર્યોમાં જોડાતા નથી. કોર્ટ અને પોલીસ સ્ટેશનનો ભાર ઓછા થાય છે. જૈનોના સંપર્કમાં આવનારા લોકો પણ ધીમે ધીમે શાંતિપ્રિય અને સહનશીલ બને છે. પરિણામે દેશમાં કરોડો-અબજો રૂપિયાનું નુકશાન થતુ અટકી જાય છે.

સાબરકાંઠામાં ફાજ